वर्ष : २३ सने : २०२४ सं.२०८०
अंक : ४, સળંગ અંક-१३३ आसो-ओक्टोबर

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૨૩ સને ૨૦૨૪ સં.૨૦૮૦

અંક : ૪ આસો-ઓક્ટોબર સળંગ અંક-૧૩૩



**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ, ચારિત્રરત્ન, પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**

**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**રાજેશ બી. શાહ**

જી-૨૦૪, ઈન્દ્રપ્રસ્થ-૫, પ્રહલાદનગર

ગાર્ડન સામે, એચ.ડી.એફ.સી. બેન્કની

લાઈનમાં, સુરધારા બંગ્લોઝ પાસે,

પ્રહલાદનગર, અમદાવાદ-૧૫.

(M) 9925012355



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


આ અંકમાં.....


★ કર્મવિપાક ચિંતન અષ્ટક-૨

★ મહાસતી દમયંતી-૨

★ હિતશિક્ષા

★ વાંચનનું તારણ...

★ પૂજ્ય ગુરુદેવનાં પાવન પગલે... વચને...


## આર્ષવાણી

**सम्मत्तंमि उ लध्दे,**

**ठइयाइं नरयतिरिदाराइं।**

**दिव्वाणि माणुसाणि अ,**

**मोक्खसुहाइं सहीणाइं।२७०।।**

સમ્યક્ત્વ પ્રાપ્ત થવાથી નરક અને તિર્યંચગતિના બારણાં બંધ થાય છે અને દેવ-મનુષ્ય ભવનાં અને અંતે મોક્ષનાં સુખો સ્વાધીન થાય છે.

- ઉપદેશમાળા

શ્રાવક ઘણાં પાપકર્મોથી આજીવિકા ન ચલાવે. પચ્ચક્ખાણ લેવામાં સતત ઉત્સાહવાળો હોય, પરિગ્રહના પ્રમાણવાળો હોય, અતિચાર લાગે તો હટીને નિરતિચાર શુભ યોગમાં લાગી જાય. - ઉપદેશમાળા



# ★ કર્મવિપાક ચિંતન અષ્ટક-૨ ★★★

વિવરણ : પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજા

જગતમાં નજરે પડતું વૈવિધ્ય કર્મના વિપાકને આભારી છે. વૈવિધ્ય જોયા પછી રાગ-દ્વેષ, રતિ-અરતિ, હર્ષ-શોક, આનંદ-ઉદ્વેગથી બચવા-બચાવવા માટે કરુણાસાગર જ્ઞાની ભગવંતોએ અગાધ શ્રમ ઉઠાવ્યો છે. આ 'કર્મવિપાકચિંતન' નામના અષ્ટકની રચના કરતાં પૂર્વે પૂ.મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે કર્મ સાહિત્યનું અવગાહન કરવા પૂર્વક કેટલું ચિંતન કર્યું હશે ? કોઈપણ વિષય પર કલમ ચલાવતાં પહેલાં તેનું ઊંડુ અધ્યયન જરૂરી બને છે. અધ્યયન કર્યાબાદ તેના વાક્યાર્થ- મહાવાક્યાર્થ અને ઐદંપર્યાર્થ સુધી પહોંચવાનો ભગીરથ પુરુષાર્થ કરવો પડે છે. આટલું કર્યા વગર જે તે વિષયને વાસ્તવિક ન્યાય આપી શકાતો નથી.

ગ્રંથકાર ભગવંતો જે તે વિષય પર લખાણ કરે છે તેના પહેલાં મગજને કસે છે. પદાર્થોની ગોઠવણ કઈ રીતે કરવી તેનું ચિંતન-મનન કરે છે. માત્ર નાના આઠ જ ગાથાના પ્રકરણમાં આટલો વિશાળ, અટપટો કર્મવિપાકનો વિષય સમાવી લેવો તે સામાન્ય માનવીના ગજા બહારની વાત છે. મતિ-શ્રુતજ્ઞાનાવરણીય કર્મનો વિશિષ્ટ ક્ષયોપશમ હોય, દ્વાદશાંગી(શ્રુત)ની અધિષ્ઠાયિકા ભગવતી-સરસ્વતીદેવીની કૃપા હોય તો જ શક્ય બને. અલબત્ત, અનેક જન્મોની સાધના અને ગુરુકૃપા તો હોય જ.

અષ્ટકની પ્રથમ ગાથામાં મુનિવરના માધ્યમથી કર્મવિપાક પરના ચિંતનની વાત કર્યાબાદ કર્મની વિષમતા, કર્મની અકળ લીલા કેવો પ્રભાવ બતાવે છે, તેની વાત આ બીજી ગાથામાં કરે છે.

**येषां भ्रूभंगमात्रेण, भज्यन्ते पर्वता अपि ।**

**तैरहो कर्मवैषम्ये, भूपैर्भिक्षापि नाप्यते।। २ ।।**

ભાવાર્થ : આંખના ભવાં હલાવવા માત્રથી પર્વતના ભુક્કા બોલાવી દેનારા ભલભલા રાજા-મહારાજાઓને પાપકર્મોનો ઉદય થતાં માંગવા છતાં ભિક્ષાય મળતી નથી. આ કેવુ આશ્ચર્ય !?!

પુણ્યના ઉદયકાળમાં જેનું આધિપત્ય અને આજ્ઞૈશ્વર્ય ઝળહળતું હોય... તેના હોઠ ખૂલતાં જ બોલ્યા પ્રમાણે કાર્યો થતાં હોય... આંખના ઈશારે ધરતીને ધ્રુજાવાતી હોય... તેની ઈચ્છા વિરુદ્ધ ચાલનારા યમના અતિથિ બની જતા હોય... ગમે તેવા બળવાન લોકોય તેની સામે ન થતા હોય... બધા લોકોનાં માન-પાન મેળવતો હોય... એની અવગણના કરવાની કોઈની હેસિયત ન હોય... માનવો

ઉપરાંત દેવોય જેની તહેનાતમાં રહેતા હોય... પરંતુ પાપનો ઉદય થતાં જ તમામ પાસાં ઊલટાં પડે છે. ભોગ-વિલાસના સાધનોનો વિયોગ થાય છે. સ્વજનો-સેવકો પણ મોં ફેરવી દે છે. સામાન્ય ગણાતા માનવોય તેની અવગણના કરવા લાગે છે.... ભોગનાં અઢળક સાધનો વચ્ચે આળોટતા તેની ભિખારી જેવી હાલત થઈ જાય છે. ઘર-ઘર કરગરવા છતાં ભીખમાં સૂકા રોટલાય મળતા નથી. રોટલાની સાથે રહેવા માટે ઓટલાનાય ઠેકાણાં પડતાં નથી. રાજા તરીકે પૂજાતો એ માણસ ઠેર-ઠેર અપમાન પામતો થઈ જાય છે. ખાવા-પીવા કે રહેવાની જેમ પહેરવા માટે કપડાંય મળતાં નથી. પુણ્યના ઉદયકાળમાં શાલ-દુશાલ, રેશમી જરિયાન કપડાંના ઢગલા હતા... આજે સાદાં કપડાં પહેરવા મળતાં નથી. આ કર્મની વિષમતા છે.

આત્મા જ્યારે નબળો પડે છે ને કર્મસત્તા જ્યારે માથું ઊંચકે છે ત્યારે ભલભલા ચમરબંધીનાય છક્કા છૂટી જાય છે ! રાજા રંક બની જાય છે. શેઠિયાને એ વેઠિયા બનાવી દે છે. ! મહેલની હવા ખાનારને પાપના ઉદયકાળે જેલની હવા ખાવાની આવે છે. હૃષ્ટપુષ્ટ શરીર રોગનું ઘર બની જાય છે. પ્રેમાળ પરિવાર પણ વિમુખ બને છે અથવા શત્રુભાવ ધારણ કરે છે. મિત્રવર્ગ પણ અંતર વધારી દે છે. સ્વજનો જાણે ઓળખતા જ ન હોય તેવી રીતે વર્તે છે. કોઈ નોકર તરીકે રાખવાય તૈયાર થતું નથી. ન્હાવા-ધોવાનાય વલખાં હોય છે. કપડાં-શરીર મેલથી ઊભરાતાં હોય છે. ચાંદી-સોનાનાં થાળી-વાસણ વાપરનારા તેને હવે પાપના ઉદયે ભીખ માંગવા ચપ્પણિયુંય મળતું નથી. શરીર પર માખીઓનું સામ્રાજ્ય ફેલાય છે. અત્તરથી સુવાસિત રહેનારા શરીરમાંથી દુર્ગંધ છૂટે છે ! દાઢી-વાળ કપાવવાના પૈસા ન હોવાના કારણે વધારવાં પડે છે. ભૂખના દુઃખે પેટ અને આંખો ઊંડાં ઊતરી જાય છે. ખાવા-પીવાનું ન મળવાના યોગે શરીર અશક્ત બની જાય છે. ઊંઘ હરામ થઈ જાય છે. ક્લેશ-સંક્લેશ-દુર્ધ્યાનમાં સમય પસાર કરવો પડે છે.

પાપનો ઉદય થાય ત્યારે સંગ્રહ કરેલા ધન-માલ-મિલકતનો અનેક રીતે નાશ થાય છે. ક્યાંક આગ લાગવાથી, તો ક્યાંક પાણીનું પૂર આવવાથી, ક્યાંક ચોર-ધાડથી તો ક્યાંક ધરતીકંપથી, ક્યારેક ધંધામાં ખોટ આવવાથી તો ક્યારેક કોઈ પાર્ટી બેસી જવાથી ધનાદિ ચાલ્યાં જાય છે. કર્મ(પાપ) ની લપડાક એવી હોય છે કે માણસ બેવડ વળી જાય છે. કર્મની વિષમતા માનવને એવો પછાડે છે કે તેના હાડકાં ખોખરાં થઈ જાય છે. અહંકાર ઓગળી જાય છે.

અશાતાવેદનીય સ્વરૂપ પાપનો ઉદય થતાં વજ્રજેવી ગણાતી સનત્કુમાર ચક્રવર્તીની કાયામાં એક સાથે, અલ્પકાળમાં જ ૧૬-૧૬ મહારોગે ઘેરો ઘાલી દીધો ! રૂપનું ગર્વ ચકનાચૂર થઈ ગયું !

પુણ્યના ઊદયે રત્નના બે બળદ મળ્યા. મમ્મણશેઠ પુણ્ય પુરું થયે અને



પાપનો ઉદય થયે સીધા સાતમી નરકમાં ધકેલાઈ ગયા ! (જૂનું પુણ્ય પૂરું થાય તે પૂર્વે જ નવા પુણ્યનો સ્ટોક બનાવી લેવો જોઈએ. તે માટે વિવિધ ધર્મોની આરાધના શ્રેષ્ઠ ઉપાય છે.)

દરેકના જીવનમાં આવતા ચઢાવ-ઉતારની પાછળ આ કર્મની વિષમતા જ જવાબદાર છે. ચારગતિ ને ચોરાશી લાખ યોનિના પરિભ્રમણમાંય આ કર્મસત્તા જ મુખ્ય ભાગ ભજવે છે. રાજા-મહારાજા કે શેઠ-શાહુકારનેય આ કર્મરાજા કીડી-મંકોડા તરીકે અથવા ઝાડ-પાન તરીકે જન્મ આપી દે છે. ક્યારેક ઊંટડીના કે ઊંદરડીના પેટમાં ધકેલી દે છે.પુણ્ય જેમ ઊંચે ચઢાવે છે, તેમ પાપ નીચે પછાડે છે! પુરાણાં પુણ્યના ભરોસે નિરાંતે બેસી રહેવા જેવું નથી. પુણ્યની આવક ઓછી હોય ને પુણ્યને ખર્ચ વધારે હોય તો તેનું ભાવિ અંધકારમય બનતું હોય છે. પુણ્ય-પાપની લીલા અટપટી છે. તેને સમજવાનું કાર્ય પંડિતો માટેય અઘરું છે ! માટે જ અહીં મહોપાધ્યાયજીએ નોંધ મૂકી :

**अहो कर्मवैषम्यं।** અર્થાત્ કર્મની વિષમતા આશ્ચર્ય ઉપજાવે એવી છે. પંડિતોનાય પાણી આ કર્મે ઉતારી દીધાં છે ! કર્મગ્રંથ-કમ્મપયડી-પંચસંગ્રહાદિ ગ્રંથોનો અભ્યાસ કર્યો હોય તો જ ખ્યાલ આવે કે કર્મના (પુણ્ય-પાપના) આટા-પાટા કેવા છે ? કર્મનાં ગૂઢ રહસ્યો સમજવા માટે તો વર્ષોય ઓછાં પડે તેમ છે.

જૈન શાસનમાં કર્મના વિષયને સમજવા માટે ઘણાં ગ્રંથો છે અને લાખો શ્લોક પ્રમાણ સંસ્કૃત-પ્રાકૃત સાહિત્ય છે. આટલું વિપુલ સાહિત્ય અન્ય કોઈ ધર્મ(દર્શન) પાસે નથી ! મૂળ આઠ કર્મો, તેના પેટાભેદો-પ્રભેદો, તેના બંધ-ઉદય-ઉદીરણા-સત્તાના પ્રકારો, તેમાં થતા સંક્રમો, અધ્યવસાય સ્થાનકો, અપૂર્વકરણાદિ આઠ કરણો, પુણ્ય-પાપરૂપે તેની વહેંચણી, ગુણસ્થાનકને આશ્રયીને, વિવિધ લેશ્યાને યોગ્ય કર્મબંધાદિના નિયમોનું અવગાહન કરવામાં આવે તો જ આ વિષયને થોડાઘણા અંશે જાણી શકાય. એના નિયમોને વ્યવસ્થિત સમજ્યા વગર કર્મબંધથી બચવાનું કાર્ય દુષ્કર છે. પાપથી બચવા પૂર્વક પુણ્યકાર્યોમાં જોડાવા માટે સચોટ જ્ઞાન ખૂબ જ જરૂરી છે.

હવા-પાણીનાં વાવાઝોડાંની જેમ કર્મોનાં પણ વાવાઝોડાં ફૂંકાતા જ રહે છે! હવાનાં વાવાઝોડાં રોજ ન ફૂંકાય પરંતુ કર્મનાં વાવાઝોડાં તો રોજ જ ફૂંકાતાં જ હોય છે. કર્મોનાં વાવાઝોડાંની ઝડપને માપવાનુ કાર્ય ઘણું ઘણું કપરું છે. આ વાવાઝોડાનાં કારણે જ જીવનમાં તારાજી સર્જાય છે. ઘડી-પળ કે ક્ષણોમાં ભયાનક વિનાશ વેરવાની તાકાત આ કર્મ સ્વરૂપ વાવાઝોડામાં રહેલી છે. જડ અને જીવ : બંનેને ઘમરોળવાની શક્તિ આ વા-વંટોળમાં રહેલી છે.

કેટલાંક કર્મો વ્યક્તિગત અસર કરનારાં હોય છે તો કેટલાંક કર્મો સામુદાયિક

અસરકર્તા હોય છે. ઘરમાં અનેક વ્યક્તિ હોય... પરંતુ કોઈ એક ને જ તાવ વગેરે બીમારી આવે... તે વ્યક્તિગત કર્મોનો ઉદય ગણાય...જ્યારે પૂર્ણ પરિવારને પરિણામ ભોગવવાં પડે તેવાં સામૂહિક પાપનો ઉદય થાય તો નિર્ધનતા, અકસ્માત, પ્લેગાદિનો રોગચાળો બધાને અસર કરનાર થાય છે. જેમ કે કોરોનામાં, ભૂંકપમાં આખા ને આખા પરિવારો સાફ થઈ ગયા !

સામુદાયિક રીતે બાંધેલાં પાપનો ઉદય સામુદાયિક આવતો હોય છે. ટ્રેન અકસ્માત, પ્લેનક્રેશ, પ્લેગ-કોરોના જેવા રોગ, એટમબોમ્બ-અણુબોમ્બ, મિસાઈલ હુમલા વગેરેમાં મોટે ભાગે સામૂહિક પાપનો ઉદય ગણી શકાય. આવા પાપકર્મોથી બચવાનું કાર્ય દુષ્કર ગણાય છે. પાપકર્મો ભોગવવાં માટે ક્યારેય સ્થાન શોધવાની કે મહેનત કરવાની જરૂર પડતી નથી. આત્મા જ્યાં હોય ત્યાં એ કર્મો પોતાનો પ્રભાવ-સ્વભાવ બતાવે છે. પાપને ઉદય તો ચારેગતિમાં થઈ શકે છે. પાપના ઉદય કાળમાં અને પ્રભાવ વચ્ચે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનવાળો જીવ, એ જ્ઞાનના માધ્યમથી પોતાના સ્વભાવમાં રહેવાનો પુરુષાર્થ કરી નવાં કર્મોનાં બંધનથી બચે છે. સાથે તે પાપકર્મોને વિચલિત થયા વગર ખપાવે છે. જૂનો હિસાબ પૂરો કરે છે.

કર્મગ્રંથના મતે ૧૫૮ કર્મપ્રકૃતિ છે. તેમાંથી બંધમાં ૧૨૦ પ્રકૃતિ ગણાય છે. ઉદયમાં ૧૨૨ ગણાય છે. પુણ્ય-પાપમાં વિભાજન કરવામાં આવે તો પુણ્યના ખાતે ૪૨ અને પાપના પક્ષે ૮૨ પ્રકૃતિ ગણાય છે. પુણ્યપ્રકૃતિના ઉદય સમયે જીવ સુખ-આનંદની અનુભૂતિ કરે છે.પાપપ્રકૃતિના ઉદય કાળે જીવ અશાતા-દુઃખનો અનુભવ કરે છે. મુનિભગવંતો બંનેના ઉદય કાળે સમભાવમાં રહીને નવાં કર્મબંધથી બચી જાય છે. પહેલી ગાથામાં આ જ વાત જણાવી હતી. **(ક્રમશઃ)** ધ

## ★ મહાસતી દમયંતી-૨ ★★★

ભાગ્ય જ્યારે વિપરીત ચાલે છે ત્યારે દશે દિશાઓથી દુઃખ અને પ્રતિકૂળતાઓ ઊતરી આવે છે. પુણ્યના ઉદયે મળતી તમામ સુખ-સગવડો હવે રહી નથી. નાના ભાઈ કુબરની આજ્ઞાથી મંત્રીએ મોકલેલો સુવર્ણરથ, શસ્ત્રો,વસ્ત્ર,ધન,ધાન્ય-ખાદ્યપદાર્થો પણ લૂંટાઈ ગયા. પહેરેલો વસ્ત્રમાંથી ઉત્તરીય વસ્ત્ર પણ ચાલ્યું ગયું ...! હવે તો એક જ વસ્ત્ર તેના શરીર પર રહ્યું છે.

દમયંતીને લઈ નળ આગળ ચાલવા લાગ્યો. ગરમીના પ્રકોપના યોગે નળને તીવ્ર તૃષ્ણા લાગી છે. હોઠ ને તાળવું સુકાઈ ગયાં છે. મુખ પરની લાલીની જગ્યાએ ગ્લાનિ આવી ગઈ છે ! પાણી માંગે ત્યાં દૂધ મળતું એવા નળની કર્મે કેવી હાલત



કરી છે ! ખાવા-પીવાનાં, રહેવાનાં, સૂવા-બેસવાનાં કોઈ જ ઠેકાણાં નથી.

નળ દમયંતીને કહેવા લાગ્યો : હે દેવી ! વજ્રથી કઠિન એવો હું, હાલ પાદચારી બન્યો છું. ગ્રીષ્મ ઋતુના આકરા તાપથી પીડાતો, તૃષ્ણાની વેદનાને સહેતો, એક ડગલુંય ચાલવા સમર્થ નથી. તું તો શિરીષના પુષ્પ જેવી અત્યંત કોમળ છે. માર્ગમાં કેવી રીતે મારી સાથે ચાલી શકીશ ? પુરુષ કરતાં સ્ત્રીનો દેહ કોમળ હોય છે. એમાં વળી રાજકુળમાં તારો ઊછેર થયો છે. ત્યાં ક્યાં કોઈ કમીના હતી ?

વળતી જ પળે જવાબ વાળતાં દમયંતીએ કહ્યું : હે પ્રાણેશ ! પ્રિયતમના સંગમાં સુખની અનુભૂતિ કરનાર મને દુઃખ શું હોય ? આપના સહવાસમાં મને જરાય દુઃખ નથી. પતિવ્રતા અને અર્ધાંગિનીનો કેવો જવાબ ? સાચી પત્ની ક્યારેય દુઃખી પતિનો ત્યાગ કરતી નથી. પતિનાં સુખ-દુઃખમાંય પડછાયો બનીને રહેતી હોય છે. પતિપરાયણતાનો કેવો ઊંચો આદર્શ છે ? ત્યારે જ તો દમયંતીના નામ આગળ મહાસતીનું વિશેષણ લગાવાય છે. આવા જીવોનું નામ સવારમાં લેવામાં આવે તો મંગલ ગણાય છે !

તેનું કારણ એવું ન વિચારવું કે આવા પાપકર્મોના ઉદયવાળાનું નામ માંગલિક કઈ રીતે ગણાય ? ખરું કારણ એ છે કે પાપના ઉદયકાળમાંય અને જંગલ જેવા સ્થાનમાં રહેવા છતાંય ધર્મથી વિચલિત ન થયાં. અખંડ શીલ-સમાધિ જાળવી રાખ્યાં. પોતાનાં કર્તવ્યો બજાવવામાં ક્યાંય પાછીપાની નથી કરી. આગળ વધીને આવા કપરાકાળમાંય કોઈનો દોષ ન જોતાં પોતાનાં જ કરેલાં કર્મોને આગળ કરી સમતા ભાવે ભોગવીને હિસાબ પૂરો કરી દીધો. હાય-વોય કરીને નવાં પાપ ન બાંધ્યાં.

દમયંતીનાં વચનો(ઉત્તરો) સાંભળી નળ ખુશ થયો. પોતાનું બચેલું એક વસ્ત્ર હતું... તેમાંથીય ટુકડા કરીને તેણીના પગે પાટા બાંધ્યા. એક સમયે દમયંતીના દેહ પર કેવાં પટોળા રહેતાં ? કેવા દાગીના ને મુગટ રહેતાં ? પગમાં કેવી મોજડીઓ રહેતી ? માથે છત્ર ધારણ કરાતાં. ચામર વિંઝાતા... જ્યારે આજે ? માર્ગના કાંટા-કાંકરાથી બચવા પહેરેલાં વસ્ત્રનાં ટુકડા કરી પાટા બાંધવા પડી રહ્યા છે !?!

પોતાના કારણે દમયંતીને દુઃખો વેઠવાનો સમય આવ્યો હોવા છતાં પોતાના તરફ દમયંતીને કોઈ દુર્ભાવ નથી. મોંઢા પર કોઈ વિષાદની રેખાય નથી દેખાવા દીધી... તેના યોગે નળને સંતોષ અને અહોભાવ છે. વ્યવહારથી જોઈએ તો આમાં દમયંતીનો ક્યાં કોઈ દોષ હતો ?

આ દંપતી વાર્તાલાપ કરતાં આગળ વધી રહ્યાં છે. ત્યાં વળી સદ્ભાગ્યે એક મજેનું સરોવર નજરમાં આવ્યું. ત્યાં શીતળ જળપાન દ્વારા તૃષા શમાવી.

બંનેએ સ્નાન પણ કર્યું. પંથના થાકને ઉતારવા એક ઝાડની છાયાનો આશ્રય લઈ ત્યાં સૂઈ ગયાં. આવા કાળ અને સ્થાનમાં સૂવા માટે ઓટલાની જગ્યાએ ઝાડ મળે તોય માનવને આનંદ થાય છે. જગતમાંય કહેવત છે ને : 'ન મામા કરતાં કહેણો મામો સારો.'

સૂતાં સૂતાં દમયંતી પોતાના ભરથારને કહે છે : હે આર્યપુત્ર ! અત્યારે આપના ગ્રહો સાનુકૂળ નથી, પ્રતિકૂળ છે. તેના યોગે દુઃખના દિવસો જોવાનો વખત આવ્યો છે. આવા સમયે શ્વસુરકુળનો આશ્રય કરવો જોઈએ. જો મારા પર દયા આવતી હોય, કૃપા વરસાવવાની ભાવના હોય તો ભીમરાજાના નગર-ઘર તરફ ચાલો. આ વાત પ્રાર્થના રૂપે દમયંતીએ નળને કરી પરંતુ વિમલકુલમાં ઉત્પન્ન થયેલો નળ અત્યંત લજ્જા પામ્યો. કારણ, સસરાના ઘરે લાંબો સમય ન રહેવાય, એવી રીતિ-નીતિ છે. વધારે રહેવાથી ઘર જમાઈ જેવા ગણાવાથી કિંમત ઘટે. માનને બદલે અપમાન ડગલે ને પગલે વેઠવાનો વારો આવે.

નળ-દમયંતી ત્યાં જ દર્ભના સંથારા પર સૂઈ ગયા. ચારે તરફ અંધકાર ફેલાયો. જાણે આંખવાળા જીવોય, આંખથી કાંઈ ન દેખવાના કારણે ચઉરિન્દ્રિય જેવા થઈ ગયા.

રાત્રે સૂતેલો નળ વિચારે છે : હાલમાં મારે ક્યાં જવું ? શું કરવું ? દિવસો ક્યાં પસાર કરવા ? ખરેખર, ધન વિનાના જીવોને કોઈ નિશ્ચિત સાધ્ય હોતું નથી. ધન વિનાની જીવોની દુર્જનો પણ હાંસી કરતા હોય છે. દુશ્મનો વધે છે. ધન વિનાના માનવને કોઈ સહાય પણ કરતું નથી. મારા જીવતરથી શું ? છળ-કપટ શોધવાવાળા જીવો-દુશ્મનો મને એકાકી જાણી મારી નાંખી દમયંતીને લઈને ચાલ્યા જશે. લોકમાંય મારી નિંદા-લોકાપવાદ થશે. માટે દમયંતીને યોગ્ય સ્થાને (સુરક્ષિત રહે તે રીતે) મૂકીને હું દેશાંતર જાઉં. વળી, જો સાથે રાખું તો કોમલ અંગવાળી તેનાં દુઃખો મારાથી જોઈ નહીં શકાય. તેના પિતા ભીમરાજાના ઘરે મોકલું તોય મને છોડીને તે જવા તૈયાર નહીં થાય. ભૂતકાળને યાદ કરતાં વધારે મન વિહ્‌વળ બને છે. પતિવ્રતા દમયંતી દુઃખ વેઠવા તૈયાર છે પરંતુ મને છોડીને ક્યાંય જવા તૈયાર નથી. શ્વસુરગૃહે રહેવાથી તો મને જમાઈ તરીખે બધા ઓળખે તે તો અધમની નિશાની ગણાય.

છતાંય નળ વિચારે છે : કદાચ જો દમયંતી પિતાના ગૃહે જાય તો મારે કાંઈ જ ચિંતા ન રહે. નળને દમયંતીની ચિંતા સતાવે છે. પોતે એકલો હોય તો ગમે ત્યાં જઈ શકે. ગમે તેમ કાળ નિર્ગમન થઈ શકે. ગમે ત્યાં સૂઈ શકે-રહી શકે... એ સાથે હોય તો મારી જવાબદારી ઘણી વધી જાય. જો હું તેને અહીં એકલી મૂકીને આગળ ચાલ્યો જાઉં તો તે પિતાના ઘરે ચાલી જશે. કારણ, આવી અવસ્થામાં



તેણીને મારી સાથે રાખવી અને તેણીનો નિર્વાહ કરવો શક્ય નથી. મારે કોઈ કૂડ-કપટ કરીને તેનો ત્યાગ કરવો પડશે. તો જ તે પિતાના ઘરે જવા તૈયાર થશે. મારા કહેવાથી તો નહીં જ જાય.

ઈંગિતને-ચહેરાના હાવ-ભાવને જાણકારી, દમયંતીએ નળને ચંચળચિત્તવાળો જાણ્યો. તેણીને એમ લાગ્યું કે નળ મને મૂકીને ચાલ્યા જશે. તેમાં વળી, મારી જમણી આંખ વારંવાર ફરકે છે, તેથી મને લાગે છે કે, મારા પતિથી મારો વિરહ થશે. મોટી આફત આવશે. હું મંદભાગ્યા છું. પતિ વિના હું શું કરીશ ? દમયંતીને આકુળ-વ્યાકુળ જોઈ નળે કહ્યું : હે પ્રિયે ! તું સુખપૂર્વક સૂઈ જા. હું તને મૂકીને ક્યાંય નહીં જાઉં. તું સ્વસ્થ થા. વિશ્વાસ રાખ. વિષાદને છોડી દે.

આશ્વાસન આપતાં, સાંત્વન આપતાં નળનાં વચનો સાંભળી દમયંતી આશ્વસ્ત થઈ. વિશ્વાસ પામી. મન તેણીનું હળવું થયું. નળે પોતાના પહેરેલા વસ્ત્રનો અર્ધોભાગ દર્ભ પર પાથરીને દમયંતીને સુવાળી દીધી. નળ પણ બાજુમાં જ સૂઈ ગયો.

વસ્ત્ર પર સૂતેલું આ યુગલ સુક્તિમાં રહેલાં બે મોતી જ ન હોય તેવું શોભતું હતું.હા,કર્મે મહેલાદિ છોડાવ્યું છે. પરંતુ રૂપ નથી આંચકી લીધું. રાજકુળમાં ઊછરેલા બંને જણ છે. રાજતેજ તો હજી પણ એવું જ છે. વળી, યુવાની હોવાથી એ તેજ વધુ ઝગારા મારે છે. એમાં વળી, દમયંતીના કપાળમાં રહેલું તિલક પ્રકાશ પાથરી રહ્યું છે. તેનાથી અંધકાર પણ નષ્ટ થઈ ગયો છે!

વિચારોનાં વમળો નળના મન સરોવરમાં નવાં નવાં રચાતાં જ જાય છે. ઘડીકમાં વિચારે છે - તેણીને મૂકીને ચાલ્યો જાઉં. વળી, વિચારે છે : મેં વિશ્વાસ આપીને તેણીને સુવાડી છે. તે નિદ્રાધીન છે. દીનમુખવાળી-સુકુળમાં જન્મેલી, ચન્દ્ર જેવા સૌમ્યમુખવાળી છે. તેણીને છોડીને જવાથી લોકમાં મારી હલકાઈ-નિંદા થશે. મારા ઉપર અવિશ્વાસનું કલંક આવશે. વિશ્વાસઘાતનું મહાપાપ લાગશે. દમયંતીના નિર્દોષ ચહેરા સામે નજર કરતાં મન પાછું પડે છે. તેણીને દુઃખી કરવાની ઈચ્છા નથી. એકલી ક્યાં જશે? શું કરશે ?વગેરે વિચારો મનને કોરી ખાય છે.

પોતાનાં દુઃખોને ન ગણકારનારો નળ, દમયંતીનાં દુઃખોથી વિહ્‌વળ બની ગયો છે. વિચારોનાં વાવાઝોડાં તેના મનને વિવિધ દિશાઓમાં ઉડાડે છે. વળી, પાછો વિચાર આવે છે : લોકાપવાદથી શું ડરવાનું ? જુગારના વ્યસનના કરણે રાજ્ય ગયું. લક્ષ્મી ગઈ... મહેલાતો ગઈ... ભૌતિક સુખ-સામગ્રીઓ હાથમાંથી ચાલી ગઈ. આગળ વધીને સુવર્ણયુક્ત રથાદિ સામગ્રી પણ લૂંટાઈ ગઈ. બુદ્ધિ અને બાહુબળ હોવા છતાં ધન-શસ્ત્રાદિ ન હોવાના કારણે તે બળ પણ હાલ તો કામમાં આવે તેમ નથી. બધુ ગયું તેમ આ દમયંતી પણ ગઈ... એમ સમજીશ.

વિચારોના ચાલતાં વમળોને સ્થિર કરીને એક વિચાર પર આવેલા નળે

કેડમાં ભરાવેલી કટારી ખેંચી... તેનાથી દમયંતીને સુવાડેલી છે તે વસ્ત્રને, પ્રેમ પાશની જેમ છેદીને, દમયંતીના વસ્ત્રના અંચલ(છેડા)માં પોતાના લોહીથી અક્ષરો લખ્યા : 'હે દેવી ! આ વટવૃક્ષની ડાબી બાજુનો રસ્તો વિદર્ભ તરફ જાય છે. જમણી બાજુનો વિકસ્વર કિંશુકનાં ફૂલવાળો માર્ગ કોશલા નગરી તરફ જાય છે. તને ઠીકલાગે તે માર્ગે જજે. હું હવે કોઈનેય મારું મુખ બતાવવા લાયક રહ્યો નથી.'

દમયંતીના ભવ્ય લલાટયુક્ત વદન કમળને નિરખતો, મંદમંદ સ્વરે રુદન કરતો... વારંવાર દમયંતી તરફ નજર નાંખતો... દમયંતીને મૂકીને... મન-દિલ પર જાણે પત્થર મૂકીને નળ ચાલ્યો... છતાં લગ્નના બંધનથી બંધાયેલા નળને દમયંતીનો નિર્દોષ ચેહરો જ દેખાય કરે છે. થોડે દૂર ગયેલો નળ મનોમન પાછો વળીને બોલી ઊઠ્યો : રે ભાગ્ય ! તેં જ આને બનાવી... તો પછી આવી દુઃખી અવસ્થા કેમ આપી ? અરે ! સામાન્ય  માનવી હોય તોય બોરના છોડને રોપી... કાંટાળો હોવા છતાં તેને છેદતો નથી. આ વાંછિત પૂરનારી કલ્પવેલડીને ક્યો વિદ્વાન-બુદ્ધીશાળી છેદે ? આમ વિચારતો અને બબડતો નળ એટલે સુધી ગયો કે હવે દમયંતી દેખાતી બંધ થઈ ગઈ.

નળ દમયંતીને છોડીને તો આવ્યો છે પરંતુ - અબળાને વનમાં એકલી અટુલી મૂકીને આવવાના કારણે તેનું મન આક્રંદ કરી રહ્યું છે. મેં તેણીને વિશ્વાસ આપીને વનમાં ત્યજી દીધી ! ખેર ! કોઈ જંગલી જાનવર આવીને નિદ્રાધીન અવસ્થામાં જ તેણીને ઉપદ્રવ કરે તો ! આમ વિચારી નળ અધવચ્ચેથી પરત આવ્યો. વૃક્ષની ઓથમાં સૂતેલી દમયંતીની રક્ષા કરતો રહ્યો. તે સમયે નળ પોતાની જાતને જ ઠપકો આપતાં કહે છેઃ હે નળ ! દુષ્ટાત્મા ! તું કેમ જીવિતને ધારણ કરે છે? ભસ્મસાત્ કેમ નથી થઈ જતો ? નિષ્ઠુર બનીને આવી રાજકુમારીને દુઃખી અવસ્થામાં મૂકીને જવા માટે જીવ કેમ ચાલે છે ?... આવા આવા વિચારોમાં રાત્રિ પૂરી થવાની તૈયારી હતી. હજી સૂર્યોદય થયો નહોતો... દમયંતી પણ ઊઠી નહોતી... તે સમયે નળ આંખમાંથી આંસુ વરસાવતો તે પ્રદેશને છોડી આગળ વધી ગયો.

આગળ જતાં માર્ગમાં ધૂમાડાના ગોટેગોટા ઊડતા'તા. જોયું તો જંગલમાં દાવાનળ સળગતો હતો. આ દાવાનળમાં ઝાડ-પાનની સાથે અનેક જનવરો પણ બળી રહ્યાં હતાં. તેમાંથી કોઈક જાનવર ; નળને જતો જોઈ માનવીની ભાષામાં બોલ્યું : હે ઈક્ષ્વાકુવંશી નલરાજન્ ! જગતના દુઃખી જીવોને માટે બાંધવ સમાન ! હે મહાત્મા !દાવાગ્નિમાં બળતા મારી તું રક્ષા કર !માનવવાણી સાંભળી નળ તો વાણીની દિશામાં આગળ વધ્યો. ત્યાં ગયો તો જોવા મળ્યું કે, વનની વેલડીઓમાં રહેલો અને આગની જવાળાઓમાં વિંટળાયેલો સર્પ છે.



નળે તે ભુજગેન્દ્રને પૂછ્યું : હે સર્પરાજ ! તું માનવની ભાષામાં કેમ બોલે છે?  વળી, તેં મને નામ સાથે કઈ રીતે બોલાવ્યો ?

હું ગતજન્મમાં માનવ હતો. પૂર્વભવના સંસ્કારના યોગે આ ભવમાં પણ મને મનુષ્યની ભાષા-વાણી મળી. વળી, મને અવધિજ્ઞાન પણ છે, તેથી હે રાજન્! ચરાચર વિશ્વને હાથમાં રહેલી વસ્તુની જેમ હું જોઉં છું. હે મહારાજ ! મારી રક્ષા કરો. આ વનમાં તમારા સિવાય મારી રક્ષા કરનારું કોઈ નથી. મારી રક્ષા કરીશ તો હું પણ તારા ઉપર  કાંઈક ઉપકાર કરીશ. કરુણાસભર ચિત્તવાળા નળે પોતાનું ઉત્તરીયવસ્ત્ર વેલડીના લતા-મંડપમાં નાંખ્યું. સર્પને લઈ નળ તેને ઉપદ્રવ રહિત સ્થાનમાં મૂકવા જાય છે ત્યાં તો સર્પરાજે નળના હાથમાં દંશ દીધો ! નીડર નળે તેને હાથથી છોડાવી પૃથ્વી પર નાંખ્યો. સાથે કહ્યું કે - હે ભુજગેન્દ્ર ! તેં કહેલું કે તારા ઉપકાર કરીશ... ખરેખર! તેં મને ડંખ મારીને મોટો ઉપકાર કર્યો. જગતમાં સાચું જ કહેવાય છે કે - સાપને દૂધ પીવડાવવાથી ઝેરની જ વૃદ્ધિ થાય છે. આ તારી ઉપકારવૃત્તિ ? એટલામાં તો ઝેરની અસરથી નળ કુબડો થઈ ગયો !

કુબડારૂપથી અને વામનવેષથી વિટંબણા પામતો નળ વૈરાગ્યવંત બન્યો. જીવિતથી પણ ઉદ્વિગ્ન બની ગયો. તે સમયે દિવ્યરૂપધારી દેવના સ્વરૂપે સાપે કહ્યું: હે રાજન્ ! તું ખેદ ન કર. હું તારો પિતા વીરસેન છું. તે જનમમાં મેં દીક્ષા ગ્રહણ કરી, ઉગ્ર તપ સાથે અંતે એક મહિનાનું અનસન કરી મરીને પાંચમા દેવલોકમાં મહા ઋદ્ધિવાન દેવ થયો છું. અવધિજ્ઞાનવડે તને સંકટ અને વિપત્તિમાં જોઈ તારી સહાયમાં આવ્યો છું. મેં જ આ બધી માયા રચી હતી. તને કુબડો બનાવ્યો તે પણ તારી રક્ષા માટે જ . હજી તારા વૈરી લોકો ઘણા છે. આ નળ છે : એવી ઓળખ થશે તો તારા ઉપર ઉપદ્રવો કરશે. તે ભયના કારણેજ મેં તને વિકૃતરૂપવાળો બનાવી દીધો છે. ચિંતા ન કરીશ. વૈરાગ્યથી મરવાની ઈચ્છા કે દીક્ષા લેવાની ઈચ્છા ન કરીશ. જ્યારે પણ તારી દીક્ષાનો સમય થશે ત્યારે હું નિમિત્તજ્ઞની જેમ તને જાણ કરીશ.

(ક્રમશઃ) ૫

## ★ હિતશિક્ષા ★★★

(૧) સં.૨૦૮૦, અષાઢ વ.૯ — વડોદરા,આજવારોડ, કોઠારી આરાધના ભવન.

**આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ તરફથી,**

વિનયાદિ ગુણયુતા **સાધ્વીજી શાશ્વતનિધિશ્રીજી** યોગ્ય અનુવંદનાદિ. બોરસદની માંગણી હવે પૂરી કરી શકું છું. ક્યારેક મગજમાંથી વાત નીકળી જાય તો ક્યારેક સમયના અભાવને કારણે હિતશિક્ષા લખવી રહી ગઈ.

અનંત અનંત પુણ્યના ઉદયે આત્મા સંયમના માર્ગે આવ્યો છે. કેટલા કાળે આ રજોહરણ હાથમાં આવ્યું હશે, તે કહેવું મુશ્કેલ છે. હવે આ દુર્લભ ગણાતા રજોહરણની સફળતા માટે મન-વચન-કાયાની તમામ તાકાતને કામે લગાડી દેવાની છે. જે પરમાત્માએ આ સંયમની સાધનાની સિદ્ધિ મેળવ્યા બાદ આપણને આ માર્ગ બતાવ્યો છે. આ સંયમની સાધના સુવિશુદ્ધ પાળવાનો પુરુષાર્થ કરવાનો છે. હા, કાળના પ્રભાવે જે ન જ થઈ શકે તે વાત જુદી છે. પણ ક્યાંય પ્રમાદ પગપેસારો ન કરી દે તે માટે તો સતત જાગૃતિ રાખવી જ પડશે.

પ્રમાદે તો પૂર્વધર જેવા જ્ઞાની અને સંયમી જીવોનેય નિગોદમાં ફેંકી દીધા ! મુનિ જીવનમાં સૌથી ખરાબ દોષ હોય તો પ્રમાદ છે. એની ભયાનકતા-વિનાશકતાને ઓળખીને તેનાથી સેંકડો યોજન દૂર જ રહેવાનું છે. અનાદિકાળથી જીવને પ્રમાદ સાથે ગાઢ મિત્રતા હતી. તેને હવે તોડવાની છે. પ્રમાદ જીવને ધર્મથી દૂર રાખવાનું કામ કરે છે. જો ધર્મમાં અપ્રમત્તતા આવશે તો જ પ્રમાદ ભાગશે.

પ્રતિક્રમણ-પડિલેહણાદિ સંયમની તમામ ક્રિયામાં વપરાતાં સૂત્રોનું જ્ઞાન(અર્થ સાથે-રહસ્યો સાથે)અત્યંત જરૂરી છે. એનાથી તે તે ક્રિયામાં ભાવ પણ ભળશે. જેટલો ભાવ ભળશે તેટલી જ નિર્જરા વધારે થશે. શ્રમણ જીવનનું મુખ્ય લક્ષ્ય નિર્જરા જ હોવું જોઈએ.

જ્ઞાન ભણવાનું હોય કે વેયાવચ્ચની પ્રવૃત્તિ હોય, કોઈપણ ક્રિયા કરવાની હોય, વિહાર હોય, ગોચરી જવાનું હોય... બધે જ ઠેકાણે કર્મનિર્જરાનું જ લક્ષ્ય જોઈએ. કર્મના ક્ષય વગર ગુણસ્થાનકથી લઈ આત્મગુણોમાં પ્રગતિ શક્ય નથી. કેવળજ્ઞાન અને મોક્ષ પણ નિર્જરાથી જ મળે છે. તે જ રીતે દરેક પ્રવૃત્તિ કરતાં 'કર્મનો બંધ તો નથી થતો ને ?' આવો વિચાર કરવો જ જોઈએ. આ પ્રવૃત્તિમાં મારા આત્માનું અહિત તો નથી ને ?જિનાજ્ઞા નિરપેક્ષ મારી આ પ્રવૃત્તિ નથી ને ? આવી જાગૃતિ હંમેશા રહેવી જ જોઈએ. પ્રમાદ આવે છે ત્યાં જીવ આત્મજાગૃતિ ગુમાવી દે છે.

સંયમને વધુ સતેજ બનાવવા માટે પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાઓ રોજ ભાવવી. વિશેષ હવે પછી... સહુને અનિવંદનાદિ...

**દ.ભવ્યદર્શનસૂરિની અનુવંદના...**

(૨) સં.૨૦૮૦, અષાઢ વ.૧૦ વડોદરા, આજવારોડ,
કોઠારી આરાધના ભવન.

**આચાર્ય વિજયભવ્યદર્શનસૂરિ તરફથી.**

વિનયાદિ ગુણયુતા **સા.શાશ્વતનિધિશ્રીજી** યોગ્ય અનુવંદનાદિ. આત્મમસ્તીમાં હશો ?

સંસારનો વેષ કર્મ સાથે કુસ્તી કરાવે છે, સંયમનો વેષ આત્મમસ્તી કરાવે છે.

સંસારમાં મોહરાજાનું પ્રભુત્વ છે. સંયમમાં જિનાજ્ઞાનું પ્રભુત્વ હોય છે.



સંસાર જેલ લાગે તેને જ સંયમ મહેલની મહેફિલ માણવા મળે.

સંસારની સંપત્તિ પણ આપત્તિને નોંતરનારી છે, જ્યારે સંયમની આપત્તિ આત્માની સંપત્તિ કે જે શાશ્વત છે, તેની ભેટ આપનારી બને છે.

રાગની આગ દઝાડે છે. વિરાગ ઠારે છે.

જ્યારે સંયમ જીવનમાં પ્રતિકૂળતા આવે ને તે સમયે આનંદ આવે, દુર્ધ્યાન ન થાય ત્યારે સમજવું કે આત્માને સંયમ-ચારિત્ર સ્પર્શ્યું છે. ક્ષણે ક્ષણે પ્રભુના સંયમનો, પ્રભુની સમતાનો, આત્મ મસ્તીનો, સુવિશુદ્ધ સાધનાનો વિચાર કરવો.સાથે પ્રાર્થના કરવી કે-પ્રભુ ! આપના જેવી સમતા-સમાધિ, આપના જેવો જ્વલંત વૈરાગ્ય, આપના જેવી વિશુદ્ધ સાધના મારા જીવનમાં ક્યારે આવશે ? જે રીતે તું મળ્યો તે જ રીતે તારા જેવા ગુણો પણ મને શીઘ્ર મળો.

હૃદયથી પ્રાર્થના થશે તોય જોમ-તાકાત આવશે. પરિણામની વિશુદ્ધિ વધશે. લેશ્યા શુક્લ બનશે.અધ્યવસાયોનો ગ્રાફ ઊંચો આવશે. ભાવિ ઉજ્જ્વળ બનશે. ભવાંતરમાં સારા ક્ષેત્રમાં જન્મ, ઉચ્ચ ચારિત્ર પાળવા માટેની અનુકૂળતા-આલંબનો મળશે. અલ્પ ભવોમાં મુક્તિની પ્રાપ્તિ થશે. ભાવના હંમેશા ઊંચી જ ભાવવી. પ્રભુ પણ ભાવનાના બળે જ તીર્થંકરનામકર્મની નિકાચના કરે છે. માટે જ કહેવાય છે, ભાવના ભવનાશિની...

સમગ્ર સંસારનો વિચ્છેદ કરાવવાની તાકાત ભાવનામાં છે. ભાવના મનને તૈયાર કરવા માટે સુંદર સાધન છે. મન તૈયાર થયા બાદ ધ્યાન પણ સારું થાય છે. ધ્યાન તો તમામ જીવોનાં કર્મોને બાળી નાંખવા સમર્થ છે. કર્મક્ષય માટેનું સૌથી ધારદાર (તીક્ષ્ણ) શસ્ત્ર ધ્યાન છે. તેમાં કેવળજ્ઞાન અપાવવાની એટલે ઘાતિ કર્મોને નષ્ટ કરી નાંખવાની ક્ષમતા છે. બાર પ્રકારના તપમાં નિર્જરા માટેનું સૌથી પ્રબળ સાધન ધ્યાન ગણાય છે. શુક્લ ધ્યાનના પહેલા બે પ્રકારનું ધ્યાન (ક્ષપકશ્રેણી) માત્ર ૭ લવ (૪॥ મિનિટ)માં ચારે ઘાતિ કર્મને બાળી નાંખે છે.

ચારિત્રમાં મુખ્યત્વે નવાં આવતાં કર્મોને રોકવાની (સંવર) તાકાત છે. જ્યારે તપમાં સંવર સાથે નિર્જરાની પ્રચંડ તાકાત છે. મારે જ તત્ત્વાર્થસૂત્રમાં લખ્યું : **तपसा निर्जरा च।**

હિતશિક્ષાના પત્રો વારંવાર વાંચશો, વાગોળશો. ચિંતન-મનન કરશો. પ્રત્યેક વખતે નવી સ્ફૂરણાઓ થશે.

**દ.આ.વિ.ભવ્યદર્શનસૂરિની અનુવંદના....**

## ★ વાંચનનું તારણ... ★★★

નીચેની વાત માત્ર ઉત્તરપ્રદેશની ઘટનાના આધારે અલ્હાબાદ હાઈકોર્ટ તારવેલી છે. આવું તો લગભગ ભારતનાં મોટાભાગનાં રાજ્યોમાં હશે. અન્ય દેશોમાંથી આવીને ભારતમાં વસે છે ત્યારે કેવા ગરીબ ગાય જેવા હોય છે? ધીમે ધીમે તેમની વસતી વધતાં કેવા હાવી થાય છે? કાયદાને કે બંધારણને પણ ગણકારતા

નથી... વગેરે વાતો. ગંભીરપણે વિચારવાનો વખત આવી ગયો છે. સમયસર નહીં જાગવાથી અને પગલાં નહીં લેવાથી કેવી હાલત થશે ? તે ભોગવવાનું આવશે, તે વખતે ઘણું મોડું થઈ ગયું હશે! ધર્માન્તરણના મુદ્દે હવે અતિ ગંભીરતા કેળવવાની છે.ઈસ્લામ અને ઈસાઈ બંને પક્ષે સાવચેતી કેળવવાની જરૂર છે. - **સંપાદક**

**ઉત્તર પ્રદેશની ઘટના મુદ્દે અલ્લાહાબાદ હાઈકોર્ટ નું તારણ**

**ધર્માંતરણ નહીં અટકે તો દેશમાં બહુમતી વસતી લઘુમતી બની જશે : હાઈકોર્ટ**

દેશમાં વિવિધ મેળાવડા વખતે વધી રહેલા ધર્માંતરણ અંગે ચિંતા વ્યક્ત કરતા અલ્લાહાબાદ હાઈકોર્ટે ચેતવણી આપી કે,આ જ ટ્રેન્ડ ચાલુ રહેશે તો બહુમતી વસતી એક દિવસ લઘુમતી બની જશે.ધર્માન્તરણ કરાવતી ધાર્મિક સભાઓ પર તાત્કાલિક અસરથી પ્રતિબંધ મૂકવો જોઈએ.આવા આયોજનો બંધારણની કલમ ૨૫ મારફત અપાયેલા ધાર્મિક સ્વતંત્રતાના અધિકારથી વિરુદ્ધ છે.

**બંધારણ સ્વેચ્છાએ ધર્મ બદલવાની મંજૂરી આપે છે,ધર્માંતરણ કરાવતા ધાર્મિક મેળાવડા તાત્કાલિક બંધ કરાવવા જોઈએ**

અલ્લાહાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ રોહિત રંજન અગ્રવાલે જણાવ્યું કે, બંધારણની કલમ ૨૫ કોઈપણ વ્યક્તિને પોતાના ધર્મમાં વિશ્વાસ ધરાવવા, પૂજા કરવા અને પોતાના ધર્મનો પ્રચાર કરવાની સ્વતંત્રતા આપે છે. ધર્મ પ્રચારની સ્વતંત્રતા કોઈને ધર્મ પરિવર્તન કરાવવાની મંજૂરી નથી આપતી.

ન્યાયાધીશ રોહિત રંજન આગ્રવાલે હિન્દુઓને ખ્રિસ્તી બનાવવાના આરોપી મૌદહા,હમીરપુરાના કૈલાશની જામીન અરજી ફગાવી દીધી હતી. આ સમયે ન્યાયાધીશ અગ્રવાલે નિરીક્ષણ કર્યું હતું કે,ધર્માન્તરણની આ પ્રક્રિયાને મંજૂરી આપવામાં આવે તો આ દેશમાં બહુમતી વસ્તી લઘુમતી બની જશે અને ધર્માંતરણ થતું હોય અને દેશના નાગરિકોનો ધર્મ બદલવામાં આવતો હોય તેવા પ્રકારના ધાર્મિક મેળાવડા તાત્કાલિક અસરથી અટકાવવા જોઈએ.

રામકલી પ્રજાપતિએ એફઆઈઆર નોંધાવી હતી કે, તેનો ભાઈ માનસિકરૂપે બીમાર હતો.તેને આરોપી એક સપ્તાહ માટે દિલ્હી લઈ ગયો હતો.પરિવારને કહ્યું કે સારવાર કરાવી ગામડે પાછો મોકલી દેશે. જોકે, તેનો ભાઈ પાછો આવ્યો નહીં.ભાઈ પાછો આવ્યો તો ગામના અન્ય લોકોને દિલ્હીમાં યોજાયેલા આયોજનમાં લઈ ગયો. ત્યાં તેમનું ખ્રિસ્તી ધર્મમાં ધર્માંતરણ કરાવ્યું.

આરોપ છે કે ફરિયાદીના ભાઈને ધર્માંતરણ કરાવવા માટે રૂપિયા આપવામાં આવે છે. હાઈકોર્ટે આ કેસની સુનાવણીમાં કહ્યું કે, દેશનું બંધારણ ધર્મ પ્રચારની છૂટ આપે છે. પરંતુ ધર્મ બદલાવવાની મંજૂરી કોઈને નથી અપાઈ. ફરિયાદી પર ગંભીર આરોપ છે. ગામના તમામ લોકોને ખ્રિસ્તી બનાવી દેવાયા છે. અલ્લાહાબાદ હાઈકોર્ટની દલીલો સાંભળ્યા પછી બંધારણ ટાંકીને કહ્યું કે બંધારણે કોઈને પણ સ્વેચ્છાએ ધર્મ પસંદ કરવાની આઝાદી આપી છે.પરંતુ બંધારણે કોઈને પણ લાલચ આપીને ધર્મ પરિવર્તન કરાવવાની મંજૂરી નથી આપી. - **ગુ.સમાચાર તા.૩-૭-૨૪**



## ★ પૂજ્ય ગુરુદેવનાં પાવન પગલે... વચને... ★★★

**- સંકલન**

પૂજ્ય ગુરુદેવ, આગમ-શિલ્પ-વિધિવિધાન-વિશારદ, વિશદ વ્યાખ્યાનકાર આ.ભ.**શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજ** આદિ ઠા ૨ તથા પૂ.પ્રવર્તિની **સા.ભદ્રિકાશ્રીજી મ.** આદિ ઠા.૪ ના ચાતુર્માસ પ્રવેશથી જ, વાતાવરણ જામ્યું હતું. પ્રાઈવેટ, નવો ઉપાશ્રય હોવા છતાં શ્રોતાવર્ગ-આરાધકવર્ગ સારી સંખ્યામાં જોડાયો. ૨-૩-૪-૬-૮ કિ.મી દૂર દૂરથી શ્રોતાવર્ગ આવે છે. તત્ત્વની રુચિવાળો શ્રોતાવર્ગ છે. પૂજ્ય ગુરુદેવ પણ સાવ સરળ ભાષામાં, શાસ્ત્રનાં ટંકશાળી વાક્યો (કોટેશનો) સાથે આગમાદિની વાતો (પદાર્થો) પીરસે છે. બધાની જિજ્ઞાસાઓ પણ સંતોષાય છે. મતલબ, દરેક વિષયનાં સમાધાનો શાસ્ત્રીય મળે છે.

**તપાગચ્છાધિરાજની પુણ્યતિથિ :** ઉપદેશપ્રાસાદના માધ્યમથી પ્રવચનવર્ષા ચાલુ જ હતી. તેમાં જિનશાસનજ્યોતિર્ધર, તપાગચ્છના તાજ, વ્યાખ્યાનવાચસ્પતિ પૂજ્યપાદ આ.ભ.**શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની** ૩૩મી સ્વાર્ગારોહણતિથિ અષાઢ વ.૧૪ આવી. તે દિવસે પૂજ્ય ગુરુદેવે તપાગચ્છધિરાજનાં ગુણાનુવાદ કર્યા. કેટલાક નવા પ્રસંગોપ શ્રોતાઓને સાંભળવા મળ્યા. અંતે ૧૫૦ રૂ.ની પ્રભાવના અપાઈ. સામૂહિક એકાસણાં કરાવેલ, ૫૬ થયેલ.

અષાઢ વ.૩૦ તા. ૪-૮-૨૦૨૪ રવિવારે સંગીતના સથવારે ગુરુગુણ-ગીત, ગુરુસ્તુતિ થયાબાદ ગુરુના ૩૬ ગુણોને ઉદ્દેશીને ૩૬ પૂજા કરાવાઈ, સંગીતકાર બે-બે સ્તુતિ ગાતા... ત્યારબાદ બે-બે પરિવાર ગુરુ મ.ની વાસક્ષેપ-ફૂલ-ધૂપ-દીપ-અક્ષત-નૈવેદ્ય-ફળ-રૂપાનાણાથી પૂજા કરતા. વચ્ચે-વચ્ચે પૂજ્યશ્રી વિવેચન કરતા અથવા તેને અનુરૂપ પ્રસંગો વર્ણવતા. આ રીતે ૩૬ પૂજાનો લાભ નકરાથી તે તે પરિવારે લીધો હતો.

શ્રા.સુ.૫+૬ તા. ૨૪-૮-૨૪ શનિવારે તપસ્વીસમ્રાટ પૂ.આ.ભ.શ્રીમદ્ વિજયરાજતિલકસૂરીશ્વરજી મહારાજાની સ્વર્ગારોહણતિથિ હોવાથી તેઓશ્રીના ગુણાનુવાદ થયા હતા.

શ્રા.વ.૧૧ તા.૨૯-૮-૨૪ ગુરુવારે પૂ.પં. શ્રીપદ્મવિજયજી ગણિવર્યની પુણ્યતિથિ નિમિત્તે તેઓશ્રીના ગુણાનુવાદ થયા હતા. તેઓની સમતા-સમાધિ તથા સંયમાદિ ગુણોની અદ્ભુત વાતો સૌને સ્પર્શી ગઈ હતી. કેન્સર જેવી જીવલેણ બીમારીમાંય કરેલી માસક્ષમણાદિની તપશ્ચર્યાઓ સાંભળી સભાજનો ચોંકી ગયા હતા. અંતે રૂ.૪૦ ની પ્રભાવના થઈ હતી.

**પર્વાધિરાજની આરાધના : જોત-જોતામાં પર્યુષણમહાપર્વની પધરામણી થઈ.**

શ્રા.વ.૧૩ તા. ૩૧-૮-૨૪ શનિવારે પર્વાધિરાજનાં પાંચ કર્તવ્યો પર

પ્રવચન થયું. રોજ સુંદરદેવી મુલતાનમલજી કોઠારી પરિવારની ૧૦ રૂ.ની પ્રભાવના તો થતી જ. તે ઉપરાંત પણ ઘણા ભાગ્યશાળીઓની પ્રભાવના થતી હતી. પર્વાધિરાજના હિસાબે પ્રવચનમાં શ્રોતાવર્ગ વધારે જોડાયો હતો. પ્રતિક્રમણમાં પણ સવાર-સાંજ સારી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. પ્રથમ દિવસે પૂજ્યશ્રીએ સમજાવીને પ્રતિક્રમણ કરાવ્યું હતું. દૂર-દૂરથી પણ ભાવિકો આવતા હતા.

શ્રા.વ.૧૪ તા. ૧-૯-૨૪ રવિવારે વાર્ષિક ૧૧ કર્તવ્યોની વાતો થઈ. પ્રતિક્રમણમાં પણ રોજ પ્રભાવના થતી હતી. જીવદયાની ટીપ થઈ.

શ્રા.વ.પ્રથમ અમાસના દિવસે પૌષધવ્રત ઉપર પ્રવચન થયું. કલ્પસૂત્રના ચઢાવા થયા. ભાવિકોએ એમાં ઉત્સાહથી લાભ લીધો. કલ્પસૂત્ર વહોરાવવાનો લાભ કોઠારી પરિવારના મુકેશભાઈએ લીધો હતો. અષ્ટપ્રકારી પૂજાનો લાભ અલ્પેશભાઈ કાંતિલાલ કોઠારીએ લીધો હતો.

શ્રા.વ.બીજી અમાસથી જ્ઞાનપદની પૂજા પૂર્વક કલ્પસૂત્રનો પ્રારંભ થયો હતો. બંને ટાઈમ સંખ્યા સારી આવતી હતી.

ભા.સુ.૧ તા. ૪-૯-૨૪ બુધવારે જન્મવાંચનના શુભમુહૂર્તે વિધિ પૂર્વક **'જિનપાર્શ્વકૃપા તપાગચ્છ જૈન સંઘ'**ની સ્થાપના પૂજ્યશ્રીની નિશ્રામાં થઈ. જયજયકાર થયો. હવે કોઠારી આરાધના ભવનમાં તમામ કાર્યો સંઘના નામથી થશે. તે દિવસે ઘણા સભ્યો બન્યા.

સ્વપ્નદ્રવ્યની આવક સારી થઈ. શ્રોતાઓના મોઢે એવું સાંભળવવા મળ્યું કે આટલા સ્પષ્ટ-બુલંદ અવાજમાં પહેલીવાર કલ્પસૂત્ર સાંભળવા મળ્યું. વચ્ચે વચ્ચે જરૂરી સ્પષ્ટીકરણ પણ કરાતું હતું.

ભા.સુ.૩ ના બારસાસૂત્રના ચઢાવા પણ સારા થયા. ગુરુપૂજનનો લાભ અલ્પેશભાઈ કાંતિલાલ કોઠારીએ લીધો હતો. બારસાસુત્રની અષ્ટપ્રકારી પૂજાનો લાભ અ.સૌ.રૂપાબેન કમલેશભાઈ શાહ-બોરસદવાળાએ લીધો હતો. ઉત્તમ દ્રવ્યોથી ભક્તિ કરી હતી.

જન્મવાંચનના દિવસે રૂ.૮૦ + શ્રીફળ + લાડુની પ્રભાવના અપાઈ હતી. રોજ વિવિધ પ્રભાવના ચાલુ જ હતી. પ્રવીણચન્દ્ર નાથાલાલ દલાલ પરિવાર તરફથી રોજ શ્રીફળની પ્રભાવના અપાતી હતી.

બારસાસૂત્ર વહોરાવવાદિનો લાભ જિતેન્દ્રભાઈ મુલતાનમલજી કોઠારીએ લીધો હતો. તે માટે ખાસ હાલોલથી આવ્યા હતા. બારસાસૂત્ર બાદ શ્રીફળ,૪૦ રૂ., ધૂપ વગેરેની પ્રભાવના અપાઈ હતી. સંવત્સરી પ્રતિક્રમણ બાદ શ્રીફળ,ધૂપ- અને ૬૦ રૂ. રોકડાની પ્રભાવના થઈ હતી.

પર્યુષણપૂર્વે થયેલ સામૂહિક દશવિધયતિધર્મ તપમાં ૪૨ પુણ્યાત્મા જોડાયા હતા. દરેકને રૂ.૪૦૦-૪૦૦ ની પ્રભાવના અપાઈ હતી.



પર્વાધિરાજના નિમિત્તને પામી ૧૧-૯-૮ ઉપવાસની તપશ્ચર્યા લગભગ ૨૦ થઈ હતી. અઠ્ઠમવાળા ૧૮ હતા. તેઓને અનુક્રમે ૧૧૦૦-૯૦૦- અને ૩૦૦ રૂ.ની પ્રભાવના અપાઈ. ઉપરાંત ૮ કે તેથી વધુ ઉપવાસવાળાને કોઠારી પરિવાર તરફથી સોનાની ચેન પહેરાવાઈ હતી !

ભા.સુ.પ ના દિવસે સવારે સામૂહિક પારણાં કોઠારી પરિવાર તરફથી કરાવાયાં.

ભા.સુ.૬ તા.૯-૯-૨૪ સોમવારે તપસ્વીઓનો વરઘોડો નીકળ્યો. તપસ્વીઓ માટે બગીની વ્યવસ્થા કોઠારી પરિવાર તરફથી કરવામાં આવી હતી. ભા.સુ.૮ સામૂહિક ગણધર દેવવંદન કરાવ્યાં. સુ.૯ થી પ્રવચનો ચાલુ થયાં.

ભા.સુ. ૧૧ તા.૧૪-૯-૨૪ શનિવારે ; પૂ.મુ.શ્રી નિતિશેખર વિ.મ.ના સંસારી બેન વર્ષાબેન મુકેશભાઈ - છાણીની બે દીકરીઓના મૃત્યુંજય તપ તથા એક દીકરીના ૧૬ ઉપવાસ અને એક જમાઈના ૧૧ ઉપવાસ નિમિત્તે છાણીના સપ્તપદી પાર્ટી પ્લોટમાં શ્રીસિદ્ધચક્ર પૂજનાદિ કાર્યક્રમમાં પૂજ્યશ્રી પધાર્યા હતા. ત્યાં, વડોદરામાં વિવિધ સ્થળોએ બિરાજમાન ભિન્ન ભિન્ન સમુદાયના પૂ.આ.શ્રી પૂર્ણચન્દ્ર સાગર સૂ.મ. , પૂ.આ.શ્રી અક્ષયચન્દ્ર સાગર સૂ.મ.,પૂ.આ.શ્રી મુનીશરત્ન સૂ.મ. ઉપાધ્યાયશ્રી ઈન્દ્ર વિ.મ.આદિ પણ પધાર્યા હતા. સાંજે પૂજ્યશ્રી પરત પધારી ગયા હતા.

ભા.વ.પ તા. ૨૨-૯-૨૪ રવિવારે સવારે જિનપાર્શ્વકૃપા તપાગચ્છ જૈન સંઘની સર્વ પ્રથમ ચૈત્ય પરિપાટી નીકળી હતી. તેમાં વિનંતી કરવાથી પૂ.સાગરજી સમુદાયના સાધુ-સાધ્વીજી તથા ખરતરગચ્છનાં સાધ્વીજી ભગવંતો પણ પધાર્યા હતાં. શ્રાવક -શ્રાવિકાની સંખ્યા પણ નોંધપાત્ર હતી.

ભા.વ.૧૪ પૂ.દીર્ઘતપસ્વી, દીર્ઘસંયમી આ.ભ.શ્રીમદ્ વિજય સિદ્ધિસૂરીશ્વરજી મ. ની સ્વર્ગારોહણ તિથિનિમિત્તે ગુણાનુવાદ થયા. ૪૦ રૂ.ની પ્રભાવના થઈ. તે નિમિત્તે રેશ્માબેન અનિલભાઈ તરફથી સમૂહ આયંબિલ કરાવાયાં. આયંબિલમાં મુહપત્તિ તથા રૂ. ની પ્રભાવના અપાઈ. વદ અમાસના દિવસે પૂ.વાત્સલ્યનિધિ.આ.શ્રી મહાબલ સૂરીશ્વરજી મહારાજની ૮મી સ્વર્ગારોહણતિથિ નિમિત્તે સંગીત સાથે ગુણાનુવાદ થયા. જયેશભાઈ-જીગરભાઈએ સ્તુતિગુરુગુણગીત ગાયાં.પૂજ્યશ્રીએ સુંદર ગુણાનુવાદ કરીને સૌને પરિચય કરાવ્યો. અંતે રૂ.૭૦ ની પ્રભાવના થઈ હતી. ત્રીજે દિવસે પૂ.આ.શ્રી મેઘસૂરીશ્વરજી મ.ના ગુણાનુવાદ થયા.

ભા.વ ૧૨ તા.૨૯-૯-૨૪ રવિવારે પૂ.સા.શ્રી કુવલયમાલાશ્રીજી મ.ના જન્મ દિવસ નિમિત્તે તેમના સંસારી પરિવારજનો તથા ગુરુભક્તો તરફથી રૂ.૭૦ નું સંઘપૂજન થયેલ. સાથે તેમના અકસ્માતથી ૮ વર્ષની સમતાસમાધિ અને આત્મ પરિણતિની અનુમોદનીય વાતો પૂજ્યશ્રીએ વ્યાખ્યાનમાં કરી હતી. **(ક્રમશઃ)** ધ

# સમ્યગ્દર્શનથી યુક્ત જ્ઞાન અને ચારિત્ર...

**कुसमयसुईण महणं,सम्मत्तं जस्स सुट्ठियं हियए।**

**तस्स जगुज्जोयकरं, नाणं चरणं च भवमहणं ।।२७१।।**

મિથ્યાશાસ્ત્રોનાં શ્રવણને તોડી નાખનારું સમ્યગ્દર્શન જેના દિલમાં સુસ્થિર થયું છે, તેને જગત-ઉદ્યોતકર (કેવળજ્ઞાન) અને સંસારનાશક ચારિત્ર પગટ થાય છે. (આમ કહેવાદ્વારા શાસ્ત્રકાર કહે છે : સમ્યક્ત્વ હોય તો સંસારનાશક, જ્ઞાન અને ચારિત્ર તે ભવે કે ભવાંતરે અવશ્ય પ્રાપ્ત થાય છે. ત્રણેય જરૂરી છે.) - **ઉપદેશમાળા**